# Lions International

District 3232J (Saurashtra-Kutch)

**DR. HARDIK MEHTA**
District Gorvernor(2026-27)


તા. ૦૮.૦૯.૨૦૨૬

## પરિપત્ર

## સાયબર ફ્રોડ અવેરનેસ પ્રોગ્રામ




Lion ROHIT JOSHI
District Officer, Cyber Fraud Awarness program
Home Club: Lions Club of Jamnagar Queens
Mobile : 94279 37922


માનનીય ડિસ્ટ્રીકટ ગર્વનર લાયન ડો. હાર્દિકભાઇ,

સાદર નમસ્તે,

આપે મને લાયન ડિસ્ટ્રીકટ પરિવારમા સાયબર ફ્રોડ અવેરનેસ પ્રોગ્રામના પોર્ટફોલીયો દવારા સેવા કરવાની તક આપી તે બદલ હુ આપનો આભારી છુ. મારા ઉપર મુકેલ આ જવાબદારી હું સંપૂર્ણપણે મારી પૂરેપુરી ક્ષમતાથી નિભાવીશ તેની ખાત્રી આપુ છું.

સાયબર ફ્રોડ એ આજના ટેકનોલોજીના યુગમાં આપણા સમાજનો એક સળગતો પ્રશ્ન છે. ટેકનોલોજીના વિકાસ સાથે સાયબર ફ્રોડનુ જોખમ પણ વધતુ જાય છે. આપણો સમાજ ટેકનોલોજી સાથે સંકળાયેલો છે. ઇન્ટરનેટ દવારા સોશ્યલ મિડીયામાં ઓતપ્રોત રહે છે. આના કારણે સાયબર ગઠિયાઓને મોકળુ મેદાન મળી જાય છે, અને નાણાકિય ફ્રોડ,સોશ્યલ મિડીયા ફ્રોડ,ડેટા લીક અને ઓન લાઇન ફ્રોડ વધતા જાય છે. આપણા છાપાઓમા રોજ સાયબર ફ્રોડના સમાચાર હોય જ છે, અને તે પણ હજારો, લાખો રુપીયામા નહી પણ કરોડો રુપીયામા હોય છે. આ સમસ્યાનો એક જ ઉપાય છે અને તે છે આપણી કમ્યુનિટીમાં સાયબર ફ્રોડ વિષેની જાગ્રુતિ. જો સમાજ ને સાયબર એટેકથી સલામત રહેવું હોય તો સમાજ મા સાયબર જાગ્રુતિ હોવી એ પહેલી પ્રાથમિકતા છે. સમાજ જેટલો સાયબર ફ્રોડથી માહિતગાર હશે તેટલો જ સાયબર ફ્રોડથી સલામત રહી શકશે.

આનો સૌથી સહેલો ઉપાય એ છે કે સમાજમા સાયબર ફ્રોડની જાગ્રુતિ માટે વારંવાર સેમિનારનુ આયોજન કરવું. આપણી સામાજીક સંસ્થાઓ જેવી કે સ્કૂલ, કોલેજીસ, સખી મંડળો, અન્ય કલબ્સ, લેડીસ કલબ્સ વગેરેમા આવા સેમિનારનુ આયોજન કરી શકાય. ઉપરાંત સ્થાનીક કોર્પોરેટરની મદદથી વોર્ડ વાઇસ સભાનું આયોજન કરી શકાય. અરે, આપણે આપણી સામાન્ય સભામા, રીજીયન કોન્ફરન્સમા પણ આ કરી શકીયે.

આવા સેમિનારનું આયોજન કરવા માટે આપણને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન મદદરુપ થઇ શકે છે. આપણે જાણીયે છીયે કે દરેક સીટીમા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન હોય જ છે. આવા સેમિનાર કરવા માટે આપણે આપણી કલબના લેટર પેડ ઉપર આ પોલીસ સ્ટેશનમા એક અરજી આપવાની હોય છે જેના આધારે તેઓ તેમના સાયબર નિષ્ણાંત ને આ સેમિનાર માટે મોકલે છ અને તેઓ સેમિનારમા પોતાના વ્યકતવ્ય દવારા સમાજમા જાગ્રુતી લાવવાનુ ભગીરથ કાર્ય કરે છે.

આ ઉપરાંત આપણે સ્થાનીક સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની સાથે જોઇન્ટમા શહેરના મુખ્ય પોઇન્ટ ઉપર હોર્ડિંગ્ઝ અને બેનર મુકીને પણ સમાજમા આ જાગ્રુતિ લાવી શકીયે. આનાથી આપણી સોશ્યલ ઇમેજ ઉભી થશે અને બ્રાન્ડીગ પણ થશે.

મિત્રો, આ સાયબર ફ્રોડ અટકાવવા અથવા ઘટાડવાના હેતુથી ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લીમિટેડના સૌજન્યથી અમદાવાદ શહેર પોલીસ દવારા સાયબર ફ્રોડ માહિતી ની પુસ્તીકા "સાયબર સાથી" તૈયાર કરેલ છે. સાયબર ફ્રોડ કઇ રીતે થાય છે તેની વિસ્તુત માહિતીથી ભરપૂર ૯૫ પેઇજ ની આ પુસ્તીકા જો આપને આપના સ્થાનીક સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાથી મળે તો વસાવવા જેવી છે, વાંચવા જેવી છે.આ પુસ્તીકાની મદદથી આપણે પણ આવા નાના નાના સેમિનાર કરી શકીયે.

મિત્રો, આપણી ડિસ્ટ્રીકટની દરેક કલબના પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી તથા કલબના સર્વે સર્વા કર્તા હર્તા ને મારી ખાસ ખાસ અપીલ સાથ વિનંતી છે કે આપ પણ આપના વિસ્તારમાં આ સેમિનાર કરી આપની કમ્યુનિટીમા સાયબર ફ્રોડ વિષે જાગ્રુતી લાવી સેવાનો લાભ લેશો અને સાથે સાથે આપણા ડિસ્ટ્રીકટ ગર્વનરની સેવા યાત્રા વધુ મજબુત કરશો.

મિત્રો, આ પ્રોજેકટ ખૂબ જ ઓછા ખર્ચમા થાય તેવો છે. સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાથી સેમિનાર માટે આવેલ તેમના નિષ્ણાંતોનુ શાલ તથા મોમેન્ટોથી બહુમાન કરવા જેટલો જ ખર્ચ થશે. આમ આ પ્રોજેકટ ઓછા ખર્ચમા વધુ લાભાર્થી આપતો પ્રોજેકટ છે. માટે દરેક કલબને વિનંતી છે કે તેઓ ઓછામાં ઓછા બે પ્રોજેકટ કરે. જે કલબ વધુમા વધુ આ સેમિનાર કરશે તેમાથી ત્રણ કલબને મારા તરફથી વર્ષના અંતે એવોર્ડથી નવાજવામા આવશે.

મિત્રો, ઇન્ટરનેશનલે આપેલા આપણા જે આઠ સેવા ક્ષેત્રો છે તેના જેટલું જ મહત્વ સમાજમા સાયબર ફ્રોડની જાગ્રુતી લાવવાનુ પણ છે. સમગ્ર વિશ્વમા જે ઝડપે સાયબર ફ્રોડ વધતા જાય છે તે જોતા ઇન્ટરનેશનલ આને મહત્વ આપી આપણા સર્વિસ એરીયામા આનો સમાવેશ કરશે તેની મને ખાત્રી છે.

મિત્રો, મારા આ પોર્ટફોલીયા બાબત આપને જયારે પણ મારી જરુર પડે તો મને મારા મોબાઇલ ઉપર કોન્ટેકટ કરવા વિનંતી. જયારે પણ આપ આ સેમિનાર કરો ત્યારે મને ચોકકસ જાણ કરજો. હુ સેમિનાર મા હાજર રહેવાનો ચોકકસ પ્રયત્ન કરીશ.

આભાર સહ, જય લાયનવાદ. આપનો જ

લાયન રોહિત જોષી
ડિસ્ટ્રીકટ ઓફિસર **(૨૦૨૬,૨૦૨૭)**
સાયબર ફ્રોડ અવેરનેસ પ્રોગ્રામ
મોબાઇલ : **૯૪૨૭૯ ૩૭૯૨૨**

**BROTHERHOOD BEYOND BOUNDARY**